RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 286, Dt.20-2-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિકસિત ગુજરાતનું ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ રજૂ

## નાણામંત્રી કનુભાઈ દેસાઈ આજે ગુજરાતનું સતત ચોથીવાર બજેટ રજૂ કર્યું : મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડની ફાળવણી, મધ્યાહન ભોજન માટે ૭૨ તાલુકામાં સેન્ટ્રલાઈઝડ કિચનઃ ત્રણ લાખ સરકારી આવાસની જાહેરાત, ૧.૭૦ લાખની સહાય અપાશેઃપોષણલક્ષી યોજના માટે રૂ. ૮૨૦૦ કરોડની ફાળવણી





**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

નાણામંત્રી કનુભાઈ દેસાઈ આજે ગુજરાતનું સતત ચોથીવાર બજેટ રજૂ કર્યું હતું. બજેટ રજૂ કરવા માટે રેગ્યુલર બેગની જગ્યાએ લાલરંગની પોથીમાં બજેટ ભાષણ રાખી વિધાનસભા જવા રવાના થયા હતા. ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં અંદાજિત ૧૧ ટકાનો વધારો કરી વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટનું કદ પોણા ચાર લાખ કરોડ આસપાસ રહેવાનો અંદાજ છે. બજેટ રજૂ કરતા પૂર્વ નાણામંત્રીએ કહ્યું હતું કે, નારી, અન્ન દાતા અને યુવાઓને આગળ લાવવા માટેના પ્રયત્નો આ બજેટમાં કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં થોડા દિવસે પહેલા જ નવી ૯ મહાનગરપાલિકાઓ અને એક જિલ્લાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે તેને લઈ મહત્વની જાહેરાત થઈ શકે છે. અમદાવાદમાં ઓલિમ્પિક-૨૦૩૬ની દાવેદારી માટે તૈયારીઓ ચાલી રહી છે ત્યારે આ દાવેદારની મજબૂત કરવા માટે પણ મહત્વની જાહેરાત સંભવ છે. બજેટસત્ર દરમિયાન જ નવા જંત્રી દર લાગુ થવાની શક્યતા છે ત્યારે જંત્રીને લઈ પણ બજેટમાં મહત્વની જાહેરાત થઈ શકે છે.

નાણામંત્રી કનુ દેસાઈએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ગુજરાત સરકારનું ત્રણ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. જેમાં મહિલાઓ, કિશોરીઓ, બાળકો, કુપોષણ, શિક્ષણ જેવાં અનેક ક્ષેત્રો માટે જાહેરાતો કરવામાં આવી હતી. સામાન્ય રીતે દર વર્ષે બજેટમાં ૧૧-૧૨ ટકાનો વધારો થતો હોય છે તેને જોતા આ વખતે બજેટનું કદ પોણા ચાર લાખ કરોડ આસપાસ રહેવાની શક્યતા છે. જેમાં પણ ગયા વર્ષની માફક યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખેડૂતોને કેન્દ્રસ્થાને રાખીને જાહેરાતો કરાશે.


નાણામંત્રી કનુભાઈ આ વખતે બજેટમાં લગભગ ૧૧ ટકાનો વધારી શકે છે. જેથી આ વખતનું બજેટ લગભગ ૩ાા લાખ કરોડની રકમને આંબી શકે છે. બીજીબાજુ થોડા દિવસ પહેલા જ રાજયમાં ૯ મહાનગરપાલિકાઓ અને ૧ નવા જિલ્લા અંગે જાહેરાત કરવામાં આવી હતી જેને લઈને પણ બજેટમાં મહત્વની જાહેરાત કરવામાં આવી શકે છે. નવા મહાનગરોને ધમધમતા કરવા મહત્વનું પેકેજ જાહેર થઈ શકે છે.

ગયા વર્ષે રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં ૨૦૨૪-૨૫નું બજેટ રજુ કર્યું હતું. રાજય સરકારે જે બજેટ ૨૦૨૪-૨૫ રજુ કર્યું હતું. એ ઐતિહાસિક કુલ ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું બજેટ હતું. ત્યારે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તેમનું ત્રીજુ બજેટ રજુ કર્યું હતું. આ વખતે ચોથુ બજેટ રજુ કરી રહયા છે. અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૮ વખત રાજયનું બજેટ વજુભાઈ વાળાએ રજુ કર્યું હતું.

ગુજરાતના આ વખતના બજેટમાં ખેતી, આરોગ્ય, શિક્ષણ અને મહિલા- બાળ કલ્યાણ માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી રહી છે. ૧ વર્ષ પછી તાલુકા- જિલ્લા પંચાયતો અને ૬ મહાનગરપાલિકાઓની સામાન્ય ચુંટણી આવી રહી છે. તેને બજેટમાં ધ્યાને રાખવામાં આવે તેવો વર્તારો છે. શિક્ષણ, આરોગ્ય, ગૃહ, કાયદો, સહકાર સમાજ કલ્યાણ, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને રમત-ગમત, નાગરિક પુરવઠા વગેરે વિભાગો માટે મોટી રકમ ફાળવવામાં આવશે. સિંચાઈ અને પીવાના પાણી માટે પાણીદાર આયોજન છે.આ લખાય છે ત્યારે બપોરે ગૃહની આજની કાર્યવાહી શરૂ થવાની તૈયારી છે

# હવે ડીમેટ ખાતાને પણ ફોન તથા સીમકાર્ડ સાથે જોડાશે

## શેરબજારોના વ્યવહારોને સુરક્ષિત કરવા કવાયત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શેરબજારના ટ્રેડીંગ અને રોકાણમાં હવે મોબાઈલની ભૂમિકા વધતી જાય છે અને તેથી આ પ્રકારના શેરબજાર વ્યવહારોને વધુ સુરક્ષિત કરવા માટે સિક્યોરિટી એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયાએ શેરબજાર વ્યવહારો સુરક્ષિત કરવા ડીમેટ ખાતા અને જે તે મોબાઈલના સીમકાર્ડને જોડાશે. જે તે ગ્રાહક પોતાનો મોબાઈલ નંબર જે ડીમેટ ખાતા માટે આપશે તે સીમકાર્ડની લીંક થઈ જશે. જેમાં પછી વધુ એક ચકાસણી થશે. કલાવેટ કોડ-મોબાઈલના હેન્ડસેટના આઈએમઈઆઈ નંબર અને સીમ નંબર વિ.નું કોલ વેરીફીકેશન થશે.

પ્રારંભમાં ટોચની ૧૦ બ્રોકર કંપનીઓને તે લાગુ થશે. જેમાં ગ્રાહકને લોગ-ઈનની પુરી માહિતી મળશે જેથી તેનો દુરઉપયોગ થાય તો ગ્રાહકને તુર્તજ જાણ થશે.

આ ઉપરાંત હવે લેપટોપ કે ડેસ્કટોપમાં લોગ ઈન પણ કયુઆર કોડના આવ્યા પછી થઈ શકશે. જો કે તે વન-ટાઈમ હશે અને બીજી વખત લોગ-ઈન કરવા ફરી કયુ આર કોડનો ઉપયોગ જરૂરી બનશે.

# ભારતીય અર્થવ્યવસ્થા દુનિયામાં સૌથી ઝડપી

## એસબીઆઈનો રીપોર્ટ : ચાલૂ વર્ષે જીડીપી વૃધ્ધિદર ૬.૩ ટકા રહેશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વૈશ્વિક અર્થતંત્ર વિશે વિરોધાભાસી અટકળો-અનુમાનો વચ્ચે ભારતીય અર્થવ્યવસ્થા દુનિયામાં સૌથી ઝડપી ગતિએ વધવાનું સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનાં રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે.ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપી વૃધ્ધિદર ૬.૩ ટકા રહેવાનું અનુમાન દર્શાવાયુ છે.

ભારતના આંકડા વિભાગ દ્વારા ૨૦૨૪-૨૫ નાં નાણાંકીય વર્ષમાં વાસ્તવિક અને નોમિનલ જીડીપી વૃધ્ધિદર અનુક્રમે ૬.૪ ટકા તથા ૯.૭ ટકા રહેવાનું અનુમાન દર્શાવાયું છે. જયારે એસબીઆઈએ રીપોર્ટમાં એવુ જાહેર કર્યુ છે કે ૩૬ પરિબળો અર્થ વ્યવસ્થામાં મજબુતીનાં સંકેત આપી રહ્યા છે.

ગ્રામીણ અર્થતંત્ર તંદુરસ્ત હોવાથી મજબુતાઈ મળી રહીછે. ત્રીજા ત્રિમાસીક ગાળામાં મૂડીખર્ચમાં વધારો જોવા મળી રહ્યો છે. વિશ્વના ભૌગોલીક ટેન્શન તથા સપ્લાય ચેઈનની અસરથી કેલેન્ડર વર્ષ ૨૦૨૪ માં ભારત પણ પ્રભાવીત થયુ હતું.

રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે મૂડી રોકાણમાં વધારો, આઈઆઈપી વૃધ્ધિ દર વધીને ૪.૩ ટકા થવા ઉદ્યોગો-સેવા ક્ષેત્રમાં તેજી સરકારનાં નીતિ વિષયક પગલા જેવા કારણોથી અર્થતંત્રને રફતાર મળતી રહેશે.

આંતર રાષ્ટ્રીય નાણા નિધિએ ૨૦૨૫ માં પુરો ક્ષેત્રનો વૃધ્ધિદર ૧ ટકા, અમેરિકાનો ૨.૭ ટકા, બ્રિટનનો ૧.૬ ટકા તથા ચીનનો ૪.૬ ટકા રહેવાનું અનુમાન દર્શાવ્યુ છે. ભારતનો વૃધ્ધિદર ૬.૫ ટકા, રૂસનો ૨.૨ ટકા, દક્ષિણ આફ્રિકાનો ૧.૫ ટકા રહેવાનો અંદાજ છે.૨૦૨૪ થી ૨૦૨૬ માં ભારતીય જીડીપી ૬.૫ ટકાના દરે વધશે.


બીજી તરફ એસએન્ડપી ગ્લોબલ રેટીંગ દ્વારા એમ કહેવાયું છે કે અમેરિકાની ટેરિફથી ભારતને અસર મર્યાદિત માત્રામાં જ થશે.કારણ કે ભારતીય અર્થતંત્ર નિકાસ પર ઓછુ નિર્ભર છે અને લોકલ ડીમાંડ પર આધારીત છે.

ભારત બે વર્ષમાં ૬.૭ થી ૬.૮ સુધી જીડીપી વૃધ્ધિદર હાંસલ કરશે.ઝવેરાત, ફાર્મા, કપડા તથા કેમીકલ્સ પર વધુ ટેરીફ લાગી શકે છે.

જોકે જેનેરીક દવાને તેમાંથી મુકત રાખશે ગોલ્ડમેન સૈશના મત ભારતીય અર્થતંત્રને ટેરીફની અસર માત્ર ૦.૧ થી ૦.૬ ટકા જેવી રહી શકે છે.

# રેખા ગુપ્તા બન્યા દિલ્હીના CM:રાજયના ચોથા મહિલા મુખ્યમંત્રી

## પ્રવેશ વર્મા સહિત ૬ મંત્રીઃ મનજિંદર સિંહ સિરસાએ પંજાબીમાં શપથ લીધા, રવિન્દ્ર સિંહે જય શ્રીરામના નારા લગાવ્યા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શાલીમાર બાગના ભાજપ ધારાસભ્ય રેખા ગુપ્તા દિલ્હીના ૯મા મુખ્યમંત્રી બન્યા. તેમણે રામલીલા મેદાનમાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ કાર્યક્રમમાં ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી પણ હાજર છે.

રેખા ગુપ્તા સાથે ૬ મંત્રીઓ પણ શપથ લીધા. આમાં અરવિંદ કેજરીવાલને હરાવનાર પ્રવેશ વર્મા, આશિષ સૂદ, મનજિંદર સિંહ સિરસા, રવિન્દ્ર ઈન્દ્રરાજ સિંહ, કપિલ મિશ્રા અને પંકજ કુમાર સિંહના નામ શામેલ છે. શપથ લેતા પહેલા રેખા ગુપ્તાએ ગુરુવારે સવારે મીડિયાને કહ્યું, પઆ એક મોટી જવાબદારી છે. મારામાં વિશ્વાસ દર્શાવવા બદલ હું પીએમ મોદી અને પાર્ટી હાઈકમાન્ડનો આભાર માનું છું. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું દિલ્હીની મુખ્યમંત્રી બનીશ. હું શીશમહેલમાં નહીં રહું.

દિલ્હીના મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનનું નામ ભાજપે શીશમહેલ રાખ્યું હતું. અરવિંદ કેજરીવાલે તેને બનાવડાવ્યું હતું. ભાજપનો આરોપ છે કે કેજરીવાલે નિયમોનું ઉલ્લંઘન કરીને તેને બનાવવામાં કરોડો રૂપિયા ખર્ચ્યા હતા. ભાજપે તેને ચૂંટણી મુદ્દો પણ બનાવ્યો હતો.

૫૦ વર્ષીય રેખા ગુપ્તા જિંદાલ દિલ્હીના નવમા મુખ્યમંત્રી બન્યા છે. બુધવારે ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં તેમને ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. તેઓ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાલીમાર બાગ બેઠક પરથી ધારાસભ્ય છે.તેમણે અઅડ ના વંદના કુમારીને ૨૯,૫૯૫ મતોથી હરાવ્યા. રેખા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS ) અને ભાજપ સાથે જોડાયેલા છે. તે દિલ્હી ભાજપના મહાસચિવ અને ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ છે.

RSS એ દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાનું નામ આગળ મૂક્યું હતું અને પાર્ટીએ તેને મંજૂરી આપી હતી. રેખાએ વિદ્યાર્થી રાજકારણથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને બે વાર ધારાસભ્યની ચૂંટણી હારી ગઈ છે. છતાં, ૩ કારણો છે જેના કારણે તેમને મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે કુલ ૪૮ બેઠકો જીતી, કુલ ૪૫.૫૬% મત મેળવ્યા. આનું એક મોટું કારણ એ હતું કે ભાજપે મહિલાઓ માટે ઘણી યોજનાઓની જાહેરાત કરી હતી. અત્યાર સુધીમાં દિલ્હીમાં ૩ મહિલા મુખ્યમંત્રી રહી ચૂક્યા છે - શીલા દીક્ષિત, સુષ્મા સ્વરાજ અને આતિશી. ભાજપે રેખાને મુખ્યમંત્રી બનાવીને મહિલાઓને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે. રેખા ગુપ્તા RSS ની પસંદગી છે.

# વીમા પ્રીમિયમની રકમ હવે આપોઆપ પોલિસીધારકના બેન્ક ખાતામાંથી કપાશે




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વીમા નિયામક ઈરડાએ ઈુશ્યોરન્સ કંપનીઓને એક માર્ચથી વીમા એએસબીએ સુવિધા શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. જે અંતર્ગત પોલિસીધારક પોતાના બેન્ક ખાતામાં પ્રીમિયમની રકમને બ્લોક કરી શકશે, તે ત્યારે કપાશે, જયારે પોલીસી ઈશ્યુ થઈ જશે.

પ્રીમિયમ લેવડ દેવડને સુવિધાજનક બનાવવા માટે કંપનીઓને યુપીઆઈ વન ટાઈમ મેન્ડેટ (યુપીઆઈ ઓટીએમ)નો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રક્રિયાને, વીમા-એએસબીએ નામ આપવામાં આવ્યું છે. તેનો ઉપયોગ પ્રીમિયમ રકમને બ્લોક કરવા માટે કરાઈ શકે છે, જેની સીમા નેશનલ પેમેન્ટ નિગમ દ્વારા સમયાંતરે નકકી કરવામાં આવશે.

આ સુવિધા ઠકિ એવી છે, જેમ કે શેરબજારમાં આઈપીઓ માટે આવેદન લેતી વખતે સમય રકમ બ્લોક કરવામાં આવે છે, રકમ ત્યારે કપાય છે જયારે આઈપીઓની ફાળવણી થાય છે.

નવીમા એએસબીએથથી ગ્રાહક વીમા પ્રીમિયમ પેમેન્ટ માટે પોતાના બેન્ક ખાતામાં રકમ સુરક્ષિત (બ્લોક) કરી શકે છે એથી એ નિશ્ચિત થાય છે કે ખાતામાં રકમ ઉપલબ્ધ રહે પણ પેમેન્ટ બાદમાં કરવામાં આવે. વીમા કંપનીઓએ આ સુવિધા જીવન અને સ્વાસ્થ્ય વીમા પોલિસીઓ માટે ફરજિયાત આપવી પડશે.

# કોઈપણ પ્રોફાઈલ પરની લાઈવ વિડિઓ ફક્ત 30 દિવસ સુધી રહેશે

## મેટાએ ખર્ચ ઘટાડવા માટે નિયમોમાં ફેરફાર કર્યા : વિડિયો દૂર કરતાં પહેલાં યુઝર્સને નોટીફીકેશન મળશે




**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

મેટાએ ફેસબુક પર લાઈવ વિડિઓનો સમયગાળો હવે સેટ કર્યો છે. આ હેઠળ, કોઈપણ પ્રોફાઈલ પરની લાઈવ વિડિઓ ફક્ત ૩૦ દિવસ સુધી રહેશે. આ પછી તે કાયમ માટે હટાવી નાખવામાં આવશે. ફેસબુક લાઈવ વિડિઓ દૂર કરતાં પહેલાં નોટિફિકેશનો મોકલશે.

આ પછી, વપરાશકર્તા પાસે વિડિઓ ડાઉનલોડ કરવા માટે ૯૦ દિવસનો સમય હશે. ખરેખર, સ્ટોરેજમાં લાંબા વિડિઓ રાખવા ખૂબ જ ખર્ચાળ છે અને મેટા આવાં ઘણાં ફેરફારો કરી રહ્યું છે જેનાથી ખર્ચ ઓછો થઈ શકે.

ફેસબુકે કહ્યું છે કે જે પણ લાઈવ વિડિઓઝ ૩૦ દિવસથી વધુ જૂનો હશે, તેને તબક્કાવાર રીતે હટાવી નાખવામાં આવશે. આ પહેલાં યુઝર્સના ઈમેઈલ્સ અને એપ્લિકેશન પર નોટીફીકેશનો મોકલવામાં આવશે.

નોટીફીકેશન બાદ વિડિઓ ડાઉનલોડ કરવા માટે ૯૦ દિવસનો સમય આપશે. યુઝર્સ સીધા ડ્રોપબોક્સ અથવા ગૂગલ ડ્રાઈવ પર વિડિઓઝ ટ્રાન્સફર કરી શકશે. ફેસબુકે કહ્યું છે કે આ પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે.

યુઝર્સને તેને વિડિઓ બચાવવા માટે તેને ડાઉનલોડ કરવો પડશે અથવા તેને રીલમાં ફેરવવો પડશે. કંપની કહે છે કે મોટાભાગની લાઈવ વિડિઓઝ રિલીઝના પહેલાં થોડા અઠવાડિયામાં સૌથી વધુ જોવામાં આવે છે. ફેસબુકએ વપરાશકર્તાઓ માટે વિડિઓઝ ડાઉનલોડ કરવાની ઘણી રીતો પ્રદાન કરી છે.

તેઓ તેમનાં એકટીવિટી બોક્સ, પ્રોફાઈલ્સ અથવા મેટા બિઝનેસ સ્યુટમાંથી વિડિઓ ડાઉનલોડ કરી શકે છે. જો તેઓ તરત જ ડાઉનલોડ કરી શકતાં નથી, તો ફેસબુક તેને પછીથી ડાઉનલોડ કરવાનો વિકલ્પ આપશે, જે વપરાશકર્તાઓને તેમની વિડિઓઝ સુરક્ષિત કરવા માટે છ મહિનાનો વધારાનો સમય આપશે.

# નરેન્દ્ર મોદીને હરાવવાના ઈરાદે જ બાઈડન સરકારે સહાય આપી હતી

## મતદાનની ટકાવારી વધારવા ૨૧ મિલિયન ડોલરની સહાય પર રોકના મામલે ટ્રમ્પના ચોંકાવનારા વિધાન



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાએ ભારતમાં મતદાનને પ્રોત્સાહન આપવા તથા મતદાનની ટકાવારી વધારવા માટે અપાતી ૨૧ મીલીયન ડોલરની સહાય તાત્કાલીક અસરથી બંધ કરી જ દીધી છે ત્યારે પ્રમુખ ટ્રમ્પે હવે એવો આક્ષેપ કર્યો હતો કે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હરાવવાના ઈરાદે જ અગાઉની બાઈડન સરકારે આ સહાય આપી હતી.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે જ એમ સ્પષ્ટ કર્યુ હતું કે ભારત પાસે ઘણા પૈસા છે. જયારે મતદાનનો પ્રોત્સાહન આપવા માટે અમેરિકાએ ૨૧ મીલીયન ડોલરની સહાય આપવાની જરૂર નથી.

હવે તેઓએ એમ કહ્યું કે અગાઉની બાઈડન સરકાર ભારતમાં મોદી સિવાય અન્ય કોઈને જીતાડવા માંગતી હોય તેવુ લાગે છે. ભારત સરકારને આ વાતથી વાકેફ કરવી પડશે. આ એક મોટો અને ગંભીર મામલો છે.

આ પુર્વે ટ્રમ્પે એવુ કહ્યુ હતું કે ભારત અને મોદી પ્રત્યે માન છે છતાં મતદાન વધારવા અમેરિકા શુકામ આર્થિક મદદ કરે? ભારત પાસે ઘણા નાણાં છે. ભારત ઉંચા ટેરિફ વસુલી રહ્યુ છે અને અમેરિકાને તેની સાથે વ્યાપાર કરવાનુ મુશ્કેલ બની રહ્યુ છે. સાઉદી અરેબીયા સરકારના વિદેશી મૂડીરોકાણ સમીટને સંબંધીત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે આર્થિક સહાયક પર રોકના નિર્ણયનો બચાવ કરતા પુર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનની સરકાર પર ભારતની ચુંટણી પ્રક્રિયામાં ડખલગીરી કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાની ચુંટણીમાં જીત બાદ વ્હાઈટ હાઉસ પરત ફરેલા ડોનાલ્ડ ટ્રમ્પે તમામ વિદેશી સહાય પર લગભગ સંપૂર્ણ રોક લગાવવાનો નિર્ણય લીધો હતો. એલન મસ્કના ડીઓજીઈ વિભાગે સહાય બંધ કરવાનો નિર્ણય લીધો હતો જેનુ વાર્ષિક બજેટ ૪૦ અબજ ડોલરથી વધુ હતુ. ગરીબ દેશોને વિકાસ આરોગ્ય તથા સામાજીક યોજનાઓ માટે તેમાંથી સહાય કરાય છે.પ્રમુખ ટ્રમ્પે રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેનને જ જવાબદાર ગણતાં જણાવ્યું હતું કે, વાસ્તવમાં તમારે ૨૦૨૨ પહેલા જ સમાધાન કરી લેવું જોઈતું હતું. તો આ યુદ્ધ શરૂ થાત જ નહીં. ફલોરિડા સ્થિત પોતાનાં નિવાસસ્થાને યોજેલી પત્રકાર પરિષદમાં આ વિધાનો તે સમયે કર્યા હતાં કે જ્યારે, રશિયા અને અમેરિકા વચ્ચે સઉદી અરેબિયાના પાટનગર રિયાધમાં યુક્રેન યુદ્ધ અંગે મંત્રણા પૂરી થઈ ત્યારે ટ્રમ્પે આ વિધાનો કર્યા હતાં.

# જામનગર મહાપાલિકાનું ૧૫૨૦.૯૨ કરોડનું બજેટ મંજૂર

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાપાલિકાનું ૧૫૨૦.૯૨ કરોડનું બજેટ મંજૂર જામનગર મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬નું અંદાજપત્ર મંજૂર કર્યું છે. આ બજેટમાં નાગરિકો પર કુલ ૪.૨૫ કરોડનો કર-દર વધારો લાદવામાં આવ્યો છે.ટાઉન હોલમાં મેયર વિનોદભાઈ ખીમસુર્યાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સ્થાયી સમિતિના અધ્યક્ષ નિલેષ કગથરાએ બજેટ રજૂ કર્યું હતું. કાર્યવાહક મ્યુનિસિપલ કમિશનર તરીકે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. મહાપાલિકાએ સોલિડ વેસ્ટ કલેક્શન દરમાં અઢી કરોડનો વધારો કર્યો છે. રહેણાંક મિલકતો માટે પ્રતિ માસ ૧૦ રૂપિયા અને મોટી બિનરહેણાંક તથા ઔદ્યોગિક મિલકતો માટે ૨૫ રૂપિયાનો વધારો કરાયો છે.પાણીના દરમાં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. રહેણાંક જોડાણ માટે ૧૦૦ રૂપિયાનો વધારો કરી ૧૪૦૦ રૂપિયા કરાયા છે.



સ્લમ વિસ્તારો માટે ૫૦ રૂપિયાનો વધારો કરી ૭૦૦ રૂપિયા નક્કી કરાયા છે. ભૂગર્ભ ગટર જોડાણના દરમાં પણ વધારો કરવામાં આવ્યો છે. રહેણાંક માટે ૭૦૦થી વધારીને ૧૨૦૦ રૂપિયા અને બિન રહેણાંક માટે ૧૮૦૦થી વધારીને ૨૪૦૦ રૂપિયા કરવામાં આવ્યાં છે.મહાપાલિકાને આ વધારાથી સોલિડ વેસ્ટ કલેક્શનમાંથી ૨.૫ કરોડ, પાણી દરમાંથી સવા કરોડ, ગ્રીનરી ચાર્જમાંથી ૨૫ લાખ અને ફાયર ચાર્જમાંથી ૨૫ લાખની વધારાની આવક થશે. કુલ ૧૪૩૪.૮૫ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે, જેમાં વર્ષના અંતે ૨૯૭.૯૩ કરોડની પુરાંત અંદાજવામાં આવી છે.

# શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બોર્ડની પરીક્ષાઓના પૂર્વ આયોજન અંગે વિડીઓ કોન્ફરન્સ યોજાઈ

## જામનગર કલેક્ટર કચેરી ખાતેથી કલેક્ટર કેતન ઠક્કર તથા સબંધિત અધિકારીઓ સહભાગી બન્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ અધ્યક્ષતામાં બોર્ડની પરીક્ષાઓના પૂર્વ આયોજન અંગે યોજાયેલ વિડીઓ કોન્ફરન્સમાં જામનગર કલેક્ટર કચેરી ખાતેથી કલેક્ટર કેતન ઠક્કર તથા સંબંધિત અધિકારીશ્રીઓ સહભાગી બન્યા હતા. આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ શરૂ થનાર છે. પરીક્ષાને લઈને દરેક જિલ્લાઓની તૈયારીઓ અંગે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષતામાં અને રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથા શિક્ષણ વિભાગના અગ્રસચિવ મુકેશકુમારની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયેલ વિડીઓ કોન્ફરન્સમાં સમગ્ર રાજ્યમાં મુક્ત, ન્યાયી અને તણાવ મુક્ત વાતાવરણમાં બોર્ડની પરીક્ષા યોજાય તે માટે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરે માર્ગદર્શન આપ્યુ હતુ.આ બેઠકમાં શિક્ષણમંત્રી દ્વારા જીલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ, સતત વીજપુરવઠો શરૂ રહે તે માટેનું આયોજન, પોલીસ ગાર્ડ, સ્ટ્રોંગરૂમ ઉપર પોલીસ બંદોબસ્ત, પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થી અથવા પરીક્ષામાં રોકાયેલ કર્મચારીઓને પરીક્ષાર્થીઓ માટે જરૂર પડે પ્રાથમિક આરોગ્ય કીટની વ્યવસ્થાઓ પૂરી પાડવા, ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે બસ વાહનવ્યવહારની સગવડ કરવા વગેરે બાબતે સમીક્ષા કરવામાં આવી હતી.જામનગર જીલ્લા કલેકટરએ સબંધિત અધિકારીઓ સાથે પરીક્ષાના સંપૂર્ણ આયોજન બાબતે ચર્ચા કરી હતી જેમાં, કાયદો અને વ્યવસ્થા, પરીક્ષા કેન્દ્રો પર વીજ પુરવઠો જળવાઈ રહે, વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા સ્થળે પહોચી શકે તે માટે એસ.ટી.બસોની વ્યવસ્થા, આરોગ્યની સુવિધાઓ, ટ્રાફિક વ્યવસ્થા, કાઉન્સિલિંગ સેન્ટર બાબતે ચર્ચા કરી વિદ્યાર્થીઓ ભય મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ધો.૧૦ની પરીક્ષાઓ તા.૨૭ ફેબ્રુઆરી થી તા.૧૦ માર્ચ, ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ તા.૨૭ ફેબ્રુઆરીથી તા.૧૭ માર્ચ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ તા.૨૭



ફેબ્રુઆરીથી તા.૧૦ માર્ચ સુધી યોજાશે. જામનગર જીલ્લામાં ધો.૧૦માં ૧૭૨૩૨ વિદ્યાર્થીઓ, ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૬૧૮ તથા વિજ્ઞાન પ્રવાહમાં ૧૭૩૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.આ વિડીઓ કોન્ફરન્સમાં જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર, જીલ્લા શિક્ષણ અધિકારી વી.જે.મહેતા, પરીક્ષા સમિતિના સદસ્યો, સબંધિત અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના શાપર ગામ નજીક ગેસ કટિંગના કૌભાંડનો પર્દાફાશ:બે ઈસમોની અટક,બે વોન્ટેડ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના શાપર ગામ પાસે આવેલ ભાગ્યલક્ષ્મી હોટલના ગ્રાઉન્ડમાં અનઅધિકૃત રીતે ગેસના ટેન્કરમાંથી ગેસ કાઢવાની ગેર કાયદેસરની પ્રવૃત્તિ કરતા બે રાજસ્થાનીને કુલ રૂ.૫૦.૬૬ લાખના મુદ્દામાલ સાથે મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા પકડી લેવામાં આવ્યા હતા જ્યારે સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલ મુખ્ય સૂત્રધાર હોટલનો સંચાલક આરોપી તથા ટેન્કરનો ચાલક રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા બન્ને આરોપીઓને વોન્ટેડ જાહેર કરી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્કોવડના રામભાઈ મંઢ, શક્તિસિંહ ઝાલા તથા ભગીરથસિંહ એસ.ઝાલાને ખાનગી રાહે હકિકત મળેલ કે, શાપર ગામ પાસે આવેલ ભાગ્યલક્ષ્મી રાજસ્થાની નામની હોટલના ગ્રાઉન્ડમાં હોટલ સંચાલક ભગીરથ બિશ્નોઈ રહે.રાજસ્થાન વાળો અમુક ઈસમો સાથે મળી હોટલના ગ્રાઉન્ડમાં પડેલ ગેસના ભરેલ ટેન્કરમાંથી ગેસ કાઢવાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરે છે. જેથી તુરંત ટીમ સાથે રેઈડ કરતા હોટલના ગ્રાઉન્ડમાં ઉભેલ ગેસ ટેન્કરમાંથી ગેસ કાઢી રહેલ આરોપી રાહુલ જેતારામ કુરાડા રહે.પમાણા તા.સાંચોર જી.જાલોર(રાજસ્થાન) તથા બુધારામ વાગતારામ ખિચડ રહે. ભુતેલ તા.સાંચોર જી.જાલોર (રાજસ્થાન) વાળાને ઝડપી લઈ બન્ને આરોપીઓની અટકાયત કરી હતી, આ સાથે રેઈડ દરમિયાન પોલીસે સ્થળ ઉપરથી ગેસ ભરેલ ટેન્કર નં. જીજે-૦૬-એઝેડ-૦૪૩૨ તથા તેમાં ભરેલ ગેસના જથ્થો કિ.રૂ.૫૦,૧૦,૫૮૯/-, આ સિવાય ગેસ ભરેલા સીલેન્ડર નંગ-૨૬ બાટલા સહીત કિ.રૂ.૪૧,૮૯૦/-, ગેસના ખાલી




સીલેન્ડર નંગ-૨૧ કિ.રૂ.૧૦,૫૦૦/-, ઈલેક્ટ્રોનીક વજનકાંટો તથા રબ્બરની વાલ્વવાળી નળી નંગ-૧ તથા રીફલીંગ મોટર નંગ-૧ તથા અન્ય સાધનો મળી કુલ કિ.રૂ. ૫૦,૬૬,૦૭૯ /- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્ક્વોડની રેઈડ દરમિયાન હોટલ સંચાલક આરોપી ભગીરથ મંગારામ બિશ્નોઈ રહે.બાગલી તા.સાંચોર જી.જાલોર (રાજસ્થાન) તથા ઉપરોક્ત ટેંન્કરનો ચાલક સ્થળ ઉપર હાજર મળી ન આવતા તે બન્ને આરોપીઓને ફરાર દર્શાવી કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી ફરાર આરોપીઓને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના બેલા(રં)ગામે રહેણાંકમાં જુગાર રમતા ૬ શકુનીને તાલુકા પોલીસે દબોચ્યા

## તાલુકા પોલીસે રોકડા ૫.૪૩લાખ, ૬ મોબાઈલ, ૨ મોટર સાયકલ, ૧ કાર સહિત ૧૦.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના બેલા(રં) ગામે રહેણાક મકાનમાં તાલુકા પોલીસ મથકની ટીમ દ્વારા રેઈડ કરી જુગાર રમતા કુલ છ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૫,૪૩,૯૦૦/- તથા ૨ મોટર સાયકલ, ૬ મોબાઈલ તેમજ એક કાર સહિત કુલ કિ.રૂ. ૧૦,૮૩,૯૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા હતા. આ સાથે તમામ આરોપીઓ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

મોરબી તાલુકા પોલીસ મથકની સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ભગીરથભાઈ લોખીલ તથા મહેન્દ્રસિંહ ચુડાસમાને સંયુકતરાહે બાતમી મળેલ કે તાલુકાના બેલા(રં) ગામે રમેશભાઈ પરષોત્તમભાઈ અઘારાના રહેણાક મકાનમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમે છે, જે મુજબની મળેલ હકીકતને આધારે ઉપરોક્ત રહેણાંક મકાનમાં રેઈડ કરતા ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો જુગાર રમતા રમેશભાઈ પરષોત્તમભાઈ અઘારા રહે-બેલા (રંગપર) તા.જી.મોરબી, વિનોદભાઈ મગનભાઈ સંઘાણી રહે. મોરબી વૃંદાવન પાર્ક રેમ્બો એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૦૨, વસંતભાઈ ગાંડુભાઈ ચાપાણી રહે-બેલા(રં) તા.જી.મોરબી, ભરતભાઈ શિવલાલભાઈ સંઘાણી રહે. બેલા(રં) તા.જી.મોરબી, અંકિતભાઈ રણછોડભાઈ કણસાગરા રહે-મોરબી-૨ ઉમા ટાઉનશીપ અવધ એપાર્ટમેન્ટ રૂમ નંબર ૧૦૧ તથા વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ રૂગનાથભાઈ માકાસણા રહે.બેલા રતનગર(રં) તા.જી.મોરબીવાળાને રંગેહાથ પકડી લેવામાં આવ્યા હતા, આ સાથે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ. ૫,૪૩,૯૦૦/- કબ્જે કરવામાં આવ્યા હતા. આ સિવાય ૬ મોબાઈલ કિ.રૂ.૧ લાખ, એકટીવા મોપેડ રજી.નં. જીજે-



૦૩-એફક્યુ-૮૯૮૪ કિ.રૂ.૧૫ હજાર, સુપર સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એન-૩૪૦૦ કિ.રૂ.૨૫ હજાર તથા મહેન્દ્રા કંપનીની ડ્અટ ૩૦૦ રજી.નં. જીજે-૩૬-આર-૭૮૫૨ કિ.રૂ.૪ લાખ સહિત કુલ ૧૦,૮૩,૯૦૦/- -નો મુદ્દામાલ કબ્જે લઈ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# ઉનાનાં સોખડા ગામે પાકિસ્તાનથી માછીમારનો મૃતદેહ આવી પહોંચતા ગમગીની: અંતિમ વિધિ

**મુખ્ય સમાચાર,ઉના**
**અબ્દુલ પઠાણ**

ભારત, પાકિસ્તાન સમુદ્ર સિકીરક જંલ વિવાદના કારણે ભારતીય માછીમારો ફીશીગ દરમ્યાન સરહદ પાર કરી જવાનાં કારણે પાકિસ્તાન મરીન સિકયુટી દ્વારા માછીમાર ને સમુદ્ર માછીમારી કરતા પકડી પાકિસ્તાન જેલ મા ધકેલી દીધા બાદ લાંબા સમયથી જેલમાં રહેલાં ગીર સોમનાથ જિલ્લા ઉના તાલુકા ના સોખડા ગામ નાં માછીમાર બાબુભાઈ કાનાભાઈ ચુડાસમા ઉમર વર્ષ ૪૦.ગત તા.૧૮./૨/૨૦૨૨ ને સમુદ્ર માછી મારી કરતા માગરોળ ની બોટ અલબસીર .GJ.11.MM.3662 સાથે પકડાયેલ હતા . લાંબા સમય જેલ હવાલે રહેલાં ઉપરોક્ત માછીમાર નું પાકિસ્તાન ની લાડી જેલ મા માદંગી(બીમારી) નાં કારણે તા ૨૪/૧/૨૦૨૫/ ના મૃત્યુ થયેલ હોવાનાં સમાચાર જેલ માં રહેલાં અન્ય બંદીવાન ભારતીય માછીમાર દ્વારા આવતાં સમગ્ર પરીવાર જનો માં શોકમય વાતાવરણ છવાયું હતું.



આ માછીમાર નો મૃતદેહ પાકિસ્તાન થી હવાઈ માર્ગે અમૃતસર વાઘા બોર્ડર થી એરપોર્ટ આવતાં ત્યાં થી ફિશરીઝ અધિકારી જાફરાબાદ દ્વારા કબજો લઈ અમદાવાદ લાવ્યા બાદ એમ્બ્યુલન્સ મારફતે માછીમાર નો મૃતદેહ ઉના નાં સોખડા ગામે રાત્રીના નાં સમયે આવી પહોચતા કાનુની કાર્યવાહી બાદ ફિશરીઝ અધિકારી ઓનરઝા મકરાણી દ્વારા તેમનાં પરિવાર ને સોંપતા અંતિમયાત્રા માં સમગ્ર ગામ જોડાયું હતું પરિવારજનો સાથે ગ્રામજનો હિબકે ચઢ્યું હતું. વાઘા બોડર પર ગુજરાત સરકારના જાફરાબાદ ફિશરીઝ અધિકારી ઓનરઝા મકરાણી દ્વારા મૃતદેહ ને સભાળી લઈ અમૃસર થી બાય પ્લેન અમદાવાદ એરપોર્ટ પર બપોર ના ૧ વાગે લાવવતા ત્યા થી એમ્બ્યુલન્સ મારફત અમદાવાદ થી ઉના તાલુકા ના સોખડા ગામે મોડી રાત્રે તેમના પરિવાર ને પાર્થ દેહ અંતિમ સંસ્કાર માટે સોપવામા આવેલ ત્રણ હજાર ની વસ્તી ધરાવતા સોખડા ગામ ના લોકો મોટાભાગે માછીમાર વ્યવસાય સાથે સંકળાયેલા હોય હાલ પાકિસ્તાન ની જેલમાં બંદીવાન અન્ય માછીમાર વહેલી તકે છોડાવા મા આવે તેવી માંગ ગ્રામજનો દ્વારા કરાઈ હતી.

# ઓબીસી, એસ.સી., એસ.ટી. અને માઈનોરીટી સમાજ દ્વારા જ્યોતિરાવ ફુલે ચોકના પ્રશ્ને ૨૧મીએ ધરણાં

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાએ ૧૯૯૯માં ઠરાવ કર્યા બાદ અમલવારી ન કરતાં લાલ બંગલા ખાતે ધરણાં-આવેદનપત્ર પાઠવશે .જામનગરના ઓબીસી, એસપી, એસટી અને માઈનોરીટી સમાજના સંયુક્ત ઉપક્રમે જામનગરમાં જુના રેલવે સ્ટેશન સામેના જ્યોતિરાવ ફૂલે ચોકના પ્રશ્ને તા. ૨૧-૨-૨૦૨૫ ના સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી લાલ બંગલા ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.જામનગરમાં જુના ૧ રેલવે સ્ટેશન સામેના ચોકને જામનગર ના ઠરાવ નં. જનરલ બોર્ડની બેઠકમાં તા. ૨૦ - ૧૦ - ૧ ૯ ૯ ૯ ન ૮.મહાનગરપાલિકાએ થી પ્રખર સમાજ સુધારક જ્યોતિરાવ ફૂલે ચોક નામભિધાન કરેલ છે. ત્યારપછી જુદી-જુદી સંસ્થાઓએ આ ઠરાવની અમલવારી કરવા.મહાનગર-પાલિકાને અનેકવાર રજૂઆત કરેલ છે, પણ નિભરતંત્રએ દાદ દીધી નથી. ૨૬ વર્ષ જેટલો લાંબો સમય વીતી જવા છતાં કોઈ અગમ્ય કારણોસર



કશી જ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

આ ચોકમાં પ્રતિવર્ષ ૧૧ મી એપ્રિલે જ્યોતિરાવ ફૂલેના જન્મ દિવસ નિમિત્તે કાર્યક્રમ રાખવામાં આવે છે તથા અહીં મહાનગરપાલિકાએ જે તે વખતે પજયોતિરાવ ફૂલે ચોક ના ત્રણ બોર્ડ લગાડેલ હતાં, આ પૈકી બે બોર્ડ નીકળી ગયા છે. હાલમાં ફક્ત એક જ બોર્ડ છે.આ ધરણાંના કાર્યક્રમ પછી સામૂહિકરીતે મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, વિરોધપક્ષના નેતા તથા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી આ પ્રશ્ન વહેલી તકે કાર્યવાહી શરૂ કરવા રજૂઆત કરવામાં આવશે.

# જામનગરમાં જમાઈની હત્યામાં સસરાને આજીવન કેદ

જામનગર માં સસરાના ઘેર આવેલા જમાઈ યુવાન ની સાડા ત્રણ વર્ષ પહેલા હત્યા નીપજાવવા માં આવી હતી. આ અંગે ના કેસ માં સસરા ને આજીવન કેદ ની સજા તથા મૃતક જમાઈ ના સાસુ અને સાળા ને મદદગારી સબબ ત્રણ ત્રણ વર્ષ ની સજા નો અદાલતે આદેશ કર્યો છે.જામજોધપુર તાલુકા ના લલીત રામજીભાઈ સોંદરવા નામના યુવાનના લગ્ન જામનગર ના સિદ્ધાર્થનગરમાં રહેતા પાલાભાઈ અરજણભાઈ કટારીયા ની પુત્રી સાથે વર્ષ ૨૦૨૧ પહેલાં થયા હતા. તે પછી તેણી ને પતિ લલીત ત્રાસ આપતો હતો.તે પછી જામનગર સસરાને ત્યાં આવતો લલીત પોતા ના સાળા ની પત્ની ઉપર પણ નિર્લજ્જ હુમલો કરતો હતો. ત્યારે સસરા પાલાભાઈ જોઈ ગયા હતા. અને તેમ ન કરવા સસરા એ જમાઈ ને સમજાવટ કરી હતી પરંતુ લલીત નું વર્તન સુધર્યું ન હતું. તે દરમિયાન ગઈ તા.૧૭ માર્ચ ૨૦૨૧ ની રાત્રે જુના રેલવે સ્ટેશન થી આગળ આવેલી ફોરેસ્ટ કોલોની પાછળના વાડી વિસ્તારમાં એક કૂવા માંથી અર્ધ સળગેલો મૃતદેહ મળી આવ્યો હતો. તેને પોલીસે કબજે કરી શરૂ કરેલી તપાસમાં આ મૃતદેહ લલીત રામજીભાઈ સોંદરવા નો હોવાનું ખૂલ્યું હતું. પોલીસ તપાસ માં તા.૧૬ ના દિને જામનગર માં સસરા પાલાભાઈ ના ઘેર આવેલા જમાઈ લલીત લાપત્તા હોવાનું ખૂલ્યું હતું અને પોલીસે પાલાભાઈ તેમજ તેના પુત્ર બિપીન ઉર્ફે વિપુલ અને પત્ની જયાબેન ની પૂછપરછ કરતા તેઓએ કબૂલ્યું હતું કે, તા.૧૬ ની રાત્રે નશો કરીને સસરા ના ઘેર ખાટલા માં સૂતેલા લલીત ને સસરા પાલા એ ઓઢણી થી ગળાફાંસો આપી હત્યા નિપજાવ્યાં પછી પુત્ર બિપીન તથા પત્ની જયાબેનને બોલાવ્યા હતા. આ વ્યક્તિએ એક રિક્ષામાં મૃતદેહ મૂકી ફોરેસ્ટ કોલોની પાછળ અવાવરૂ કૂવામાં મૃતદેહને ફેકી તેના પર પેટ્રોલવાળી ઓઢણી નાખી દીવાસળી ચાંપી દીધાનું કબૂલ્યું હતું. પોલીસે મૃતકના ભાઈ સંજય ની ફરિયાદ પરથી સાસુ, સસરા, સાળા સામે ગુન્હો નોંધ્યો હતો.આ અંગે ના કેસ અદાલત મા ચાલી જતા સરકાર પક્ષે દલીલ કરી હતી કે આરોપીઓએ આ યુવાનને પતાવી દઈ મૃતદેહનો નિકાલ કરી તેના પર પેટ્રોલ વાળી ઓઢણી નાખી ઉપરથી કચરો છાંટી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેથી આરોપીઓને સખત સજા ફરમાવવી જોઈએ. જેથી અદાલતે આરોપી સસરા પાલાભાઈ કટારીયા ને હત્યાના ગુના મા આજીવન કેદ તથા રૂ.૧૦ હજાર નો દંડ, તથા મદદગારી કરનાર સાસુ અને સાળા ને ત્રણ-ત્રણ વર્ષ ની કેદ અને રૂ.૫-૫ હજારનો દંડ ફટકાર્યો છે.

# જામનગર નજીક ઠેબા ગામ પાસે કાર પલ્ટી મારતા સર્જાયો ગોઝારો અકસ્માત: ૧નું મોત,3 ઘાયલ



જામનગર નજીક ઠેબા ગામ પાસે કાર પલ્ટી મારતા સર્જાયો ગોઝારો અકસ્માત.જામનગરના નુરી પાર્ક વિસ્તારમાં રહેતા ચાર યુવાનો ગત મોડી રાત્રે, જામનગર-કાલાવડ ધોરીમાર્ગ પર મોટી માટલી.નજીક ઠેબા ગામ પાસે ગઈકાલે રાત્રે ૧.30 વાગ્યે મોટી માટલીથી જામનગર તરફ આવી રહેલી એક વેન્ટો કાર બેકાબૂ બનીને પલટી મારી ગઈ હતી, અને કારનું પડીકું વળી ગયું હતું, જેમાં બેઠેલા એક યુવાનનું અંતરીયાળ મૃત્યુ નીપજ્યું હતું, જયારે કાર ચાલક સહિત અન્ય ત્રણ યુવાનો ઘાયલ થયા હતા. જે ત્રણેયને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જે પૈકી એક યુવાનની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. પંચકોષી એ. ડિવિઝનનો પોલીસ કાફલો દોડતો થયો હતો, અને વધુ તપાસ હાથ ધરી છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરના નુરી પાર્ક વિસ્તારમાં રહેતા ચાર યુવાનો ગત મોડી રાત્રે, જામનગર-કાલાવડ ધોરીમાર્ગ પર મોટી માટલી ગામ પાસે આવેલી એક હોટલમાં નાસ્તો કરવા માટે જી.જે.૧૦- ડી.ઈ. ૭૯૪૦ નંબરની વેન્ટો કાર માં બેસી ને ગયા હતા, અને ત્યાંથી નાસ્તો કરીને આશરે દોઢેક વાગ્યે જામનગર પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન કારના ચાલકે સ્ટીયરીંગ ઉપર થી કાબુ ગુમાવતાં અકસ્માત સર્જાયો હતો, અને કાર ગુલાંટ મારીને પડીકું વળી ગઈ હતી.જે ગમખ્વાર અકસ્માતમાં કારની અંદર બેઠેલા જામનગરમાં નુરી પાર્ક વિસ્તારમાં રહેતા અયાન રફીકભાઈ ખફી નામના ૧૮ વર્ષના યુવાનનું ગંભીર ઈજા થઈ હોવાના કારણે ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું. જેથી ભારે માતમ છવાયો હતો. આ ઉપરાંત કારમાં બેઠેલા આઈમાન ઝામી (આરબ) નામના યુવાનને પણ ગંભીર ઈજા થઈ હોવાથી તેને એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, અને તેની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.આ વેન્ટો કારમાં બેઠેલા હમદ ઝામી તથા કારના ચાલક ફૈઝલ ચફાઈને પણ ઈજા થઈ હતી. જે બન્ને યુવાનોને પણ ગામના સ્થાનિક રહેવાસીઓ દ્વારા સારવાર અર્થે સરકારી જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અને બંનેને પણ ફ્રેક્ચર સહિતની ઈજા થઈ હોવાથી સારવાર અપાઈ રહી છે.આ બનાવની જાણ થતાં આરબ સમાજના અગ્રણીઓ તેમજ કાલાવડ નાકા બહાર રહેતા કેટલાક યુવાનો સરકારી જી.જી.હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. ત્યારે ભારે ગમગીની છવાઈ હતી. પંચકોષી એ. ડિવિઝન ના પોલીસ સ્ટાફને જાણ થતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ ચેતનભાઈ પોતાની ટીમ સાથે બનાવના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જયારે ઈજાગ્રસ્તોના નિવેદનો નોંધવાની પણ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જીલ્લા યુવા વિકાસ અધિકારી હીરલ વ્યાસે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ કુસ્તી સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો

■ **૫૩ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં શાનદાર પ્રદર્શન સાથે ઈતિહાસ રચ્યા**

**મુખ્ય સમાચાર,મોરબી**

પૂણે, મહારાષ્ટ્રમાં યોજાયેલી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ કુસ્તી સ્પર્ધામાં મોરબી જીલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીમતી હીરલ અમિત વ્યાસે ૫૩ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં રજત ચંદ્રક જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેમણે આ સફળતા માટે મેનેજર એમ.ઝેડ.વાઘેલા, સમગ્ર ટીમ અને અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. પૂણે-મહારાષ્ટ્ર ખાતે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ કુસ્તી સ્પર્ધા ૨૦૨૪-૨૫ ગત તારીખ ૧૮/૦૨ના રોજ યોજાઈ હતી. જેમાં મહિલા વિભાગમાં ૫૩ કિલોગ્રામ



વેઈટ કેટેગરીમાં શ્રીમતી હીરલ અમિત વ્યાસ જીલ્લા યુવા વિકાસ અધિકારીએ રજત ચંદ્રક પ્રાપ્ત કરીને ગુજરાતમાં ઈતિહાસ રચ્યો છે. આ તકે શ્રીમતી હીરલબેન વ્યાસે મેનેજર એમ.ઝેડ.વાઘેલા, તમામ ટીમ મેમ્બર્સ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરના કમિશનર આલોક કુમાર પાંડેજી તથા જીએડી ગાંધીનગરના તમામ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો છે.

# મોરબી જીલ્લામાં પરીક્ષાઓની સુચારુ વ્યવસ્થા માટે જીલ્લા પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ

## તમામ વ્યવસ્થાને આખરી ઓપ આપવા જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને પરીક્ષા સમિતિની મિટિંગ યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા તા.૨૭/૦૨ થી શરૂ થઈ રહી છે ત્યારે કલેકટર ઝવેરીના અધ્યક્ષતામાં જીલ્લા પરીક્ષા સમિતિની મીટીંગ યોજાઈ હતી. ત્યારે આ મિટિંગમાં જીલ્લા કલેકટરએ સમગ્ર પરિક્ષાની જરુરી તમામ પાસાઓનો રીવ્યુ કરી સમગ્ર જીલ્લામાં પારદર્શિતા સાથે વિદ્યાર્થીને યોગ્ય સાનુકૂળ વાતાવરણમાં ગેરરીતિ રહિત પરીક્ષા પૂર્ણ કરવા જરુરી સુચનો કર્યા હતા.

પરીક્ષાને અનુલક્ષી એસ.ટી.વિભાગ દ્વારા પરીક્ષાના સમયે પરીક્ષા સ્થળો પર પહોંચવા અસુવિધા ન થાય તે રીતે સમયસર બસોના રૂટ ચાલે તેમજ જરુરી પરીક્ષા કેન્દ્રો પર નવા રૂટ ફાળવવા તેમજ વીજ વિભાગને વીજ પુરવઠો અવિરત રીતે મળતો રહે તે માટે યોગ્ય વ્યવસ્થા જાળવવા સૂચના આપવામાં આવ્યા હતા. અધિક કલેક્ટર ખાચર દ્વારા પરીક્ષા સમય



માટે જરુરી જાહેરનામા તથા તમામ કેન્દ્ પર જીલ્લાના વર્ગ ૧ અને ૨ ના અધિકારીઓની નિમણુંક કરી વહિવટી તંત્રની સીધી દેખરખ હેઠળ પરીક્ષાના આયોજનની વાત રજૂ કરી હતી. જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ સમગ્ર પરીક્ષામાં જરૂરી તમામ પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા વિશે વાત કરી હતી,

મોરબી જીલ્લા શિક્ષણાધિકારી કે. એમ. મોતા તરફથી ધો. ૧૦ અને ધો.૧૨ ની પરીક્ષા વિશે જાણકારી આપતા જણાવ્યું હતું કે મોરબી જીલ્લામાં કુલ ૧૭ કેન્દ્રો પર ૮૬ બિલ્ડિંગમાં કુલ ૨૨,૮૫૫ વિદ્યાર્થીઓ માટેની તમામ પુર્વ તૈયારી, પરીક્ષામાં રોકાયેલ સ્ટાફને જરૂરી તાલીમો આપવામાં આવી તેની માહિતી પુરી પાડેલ હતી. આ સિવાય ધો.૧૦ના ઝોનલ તરીકે એસ.જે.મેરજા અને ધો.૧૨ના ઝોનલ તરીકે બી.એલ.ભાલોડિયા ચાર્જ સંભાળશે.

આ સમગ્ર મિટિંગની વ્યવસ્થાનું આયોજન વર્ગ ૨ પ્રવિણ અંબારીયા અને ભદ્રસિંહ વાઘેલાએ સંભાળ્યું હતું.

# સરધારમાં સ્વામિનારાયણ મંદિરના સાધુ સહિતના શખ્સોનો બૌદ્ધ વિહારના સંચાલક પર હીચકારો હુમલો

## બૌદ્ધ વિહાર અને મંદીરની પાછળ આવેલી જમીનમાં વિવાદ ફરી વકર્યોઃ પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, સરધાર**

ગુજરાત - સરધાર ખાતે સ્વામિનારાયણ મંદિર અને બૌદ્ધ વિહાર વચ્ચેનો લાંબા સમયથી ચાલતો વિવાદ ફરીથી ભડક્યો છે. આ વખતે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા બૌદ્ધ વિહારના સંચાલક બીપીન ભાઈ મકવાણા પર જાનલેવા હુમલો કરવામાં આવ્યો આ ઘટનાથી વિસ્તારમાં તનાવનું વાતાવરણ સર્જાયું છે અને સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે સખત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

મુખ્યત્વે જમીનના અધિકાર અને ધાર્મિક સ્થળના નિર્માણને લઈને ચાલતો આ વિવાદ આજે હિંસક સ્વરૂપ ધારણ કરી ગયો છે. જાણકારો અનુસાર, સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓએ બૌદ્ધ વિહારના સંચાલક બીપીન ભાઈ મકવાણા પર શારીરિક હુમલો કર્યો છે. આ હુમલામાં મકવાણા ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમને નજીકના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સરધારમાં સ્વામિનારાયણ મંદિર અને બૌદ્ધ વિહાર વચ્ચેનો વિવાદ લાંબા સમયથી ચાલી રહ્યો છે. બંને પક્ષો આ જમીન પર પોતાનો અધિકાર જતાવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓએ આ જમીન પર મંદિર બાંધવાનો ઈરાદો રાખ્યો છે, જ્યારે બૌદ્ધ સમુદાય આ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જમીન પર પોતાના વિહારની હાજરી દાવો કરે છે. આ મુદ્દો કાનૂની લડાઈમાં પણ ફંટાયેલો છે, અને હાલમાં કોર્ટમાં ચર્ચા ચાલી રહી છે.

ઘટનાથી સ્થાનિક લોકોમાં રોષ અને અસંતોષ વ્યાપ્યો છે. બૌદ્ધ સમુદાયના સભ્યોએ આ હુમલાની તીવ્ર નિંદા કરી છે અને સરકાર તરફથી સખત કાર્યવાહીની માંગ કરી છે.

ઘટનાને અંકુશમાં લેવા સ્થાનિક પોલીસે વિસ્તારમાં સખત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. પોલીસે હુમલામાં સામેલ હોવાના આરોપી સાધુઓની તપાસ શરૂ કરી છે. પોલીસ અધિકારીઓએ લોકોને શાંત રહેવાની અપીલ કરી છે અને કોઈપણ પ્રકારની હિંસા કે તોફાનથી દૂર રહેવાની સૂચના આપી છે.


# માલધારી ફાટક પાસે ટ્રેનની હડફેટે સાળા - બનેવીના કરૂણ મોત

## ઘવાયેલા ઈન્દર ઉર્ફે અંગૂનું ઘટનાસ્થળે જ્યારે સાળા બાબુનું ટુંકી સારવારમાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ ચોકડી પાસે આવેલ માલધારી ફાટક પાસે ટ્રેનની હડફેટે સગા સાળો-બનેવીના કમકમાટીભર્યાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં કોઠારીયા સોલ્વન્ટમાં આવેલ ગુલાબનગરમાં રહેતાં મૂળ યુપીના ગોંડા જિલ્લાના વતની બાબુ હરિન્દ્ર બંસરાજ સોનકર (ઉ.વ.૧૨) ગઈકાલે સાંજે ૬ વાગ્યાની આસપાસ તેના બનેવી ઈન્દર ઉર્ફે અંગુ રામસવારે સોનકર (ઉ.વ.૨૮) સાથે નજીકમાં જ આવેલ માલધારી ફાટક પાસે બેસવા ગયાં હતાં. ત્યારે બાબુ કાનમાં ઈયરફોન ભરાવી વાત



કરતો કરતો ટ્રેનના પાટા ઓળંગતો હતો. ત્યારે ટ્રેન ધસમસતી આવી પહોંચતા નજીકમાં જ રહેલ તેના બનેવી અંગુ તેને બચાવવા દોડી ગયો હતો. પરંતુ કમનસીબે બંને સાળો બનેવી ટ્રેનની હડફેટે ચડી જતાં કચડાઈ ગયાં હતાં.૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ની ટીમે ઈન્દરને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો જ્યારે ગંભીર રીતે ઘવાયેલા બાબુને સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ સિવિલ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી બંને મૃતદેહને પીએમમાં ખસેડયા હતાં. વધુમાં મૃતકના સબંધીએ જણાવ્યું હતું કે, મૃતક બાબુ મૃતક ઈન્દરનો સાળો થતો હતો અને બંને વર્ષેથી અહીં મજૂરીકામ કરતાં હતાં. બાબુ છ ભાઈ-બહેનમાં વચ્ચેટ હતો. તેમજ ઈન્દર ઉર્ફે અંગુ ચાર ભાઈમાં મોટો અને સંતાનમાં ત્રણ પુત્રી છે જે તેમના વતનમાં રહે છે. ગઈકાલે સાંજે બંને સાળો બનેવી શાકભાજી લઈ આવી રસોઈ બનાવી હતી અને સાથે જ રેલવેના પાટા પાસે ગયાં હતાં અને બાદમાં ઘટના ઘટી હતી. બનાવથી પરપ્રાંતીય પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# મંજૂરી મેળવ્યા વિના બાંધકામ કરનાર બિલ્ડરને ગોંડલ કોર્ટ તરફથી લપડાક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ શહેરમાં કડિયા લાઈન રોડ ઉપર આવેલ બાંધકામની પરવાનગી વગર ખડકી દેવાયેલ મીઠાણી ચેમ્બર્સને જમીનદોસ્ત કરી નાખવાનો ગોંડલ કોર્ટ દ્વારા અંતિમ હુકમ કરાર્યો છે.

આ કેસની વિગત એવી છે કે ગોંડલના મુખ્ય માર્ગ કડિયા લાઈન રોડ ઉપર અંબરીશકુમાર વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા દ્વારા ગોંડલ નગરપાલિકા પાસેથી બાંધકામની કોઈપણ જાતની પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ કોમર્શિયલ કોમ્પ્લેક્સ જે મીઠાણી ચેમ્બર્સ તરીકે ઓળખાય છે તે મંજૂરી વિનાના બાંધકામ વિરુદ્ધ વાદી અતુલ જયપ્રકાશ ઉદેશી દ્વારા નામદાર ગોંડલ કોર્ટમાં આ અંબરીશકુમાર વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા તથા ગોંડલ નગર સેવા સદન ને પ્રતિવાદીઓ બનાવી દાવો કરાયેલ. જે કામે પ્રતિવાદી નં.૧,૨ ના એ પોતાના જવાબમાં બાંધકામની મંજૂરી ન મેળવેલ હોવાની કબુલાત આપી હોવાથી વાદીના એડવોકેટ હરિન એન. પુઆર દ્વારા દીવાની કાર્યરીતિ સંહિતાની જોગવાઈ અનુસાર પ્રતિવાદીની કબુલાત ઉપરથી દાવાનો અંતિમ નિર્ણય આપવા નામદાર કોર્ટને કરાયેલ અરજી તથા તે અરજી મંજૂર કરવા તેમના દ્વારા થયેલ તર્કસંગત લંબાણપૂર્વકની દલીલો ધ્યાને લઈ નામદાર જજ શ્રી આર્યા રામકુમાર સાહેબ દ્વારા વાદીનો દાવો તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ અંશતઃ મંજૂર કરતો આખરી હુકમ કરી ગોંડલ નગર સેવાસદને આવું ગેરકાયદેસર બાંધકામ કરનારા અંબરીશકુમાર વિજયકુમાર ઉદેશી તથા સહદેવસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા ને દિવસ-૩૦ ની નોટિસ આપી આ મીઠાણી ચેમ્બર્સ તરીકે ઓળખાતા બાંધકામને તોડી પાડવા તથા તે તોડી પાડવાનો ખર્ચ બાંધકામ કરનારા પાસેથી વસૂલ કરવાનો અંતિમ હુકમ ફરમાવેલ છે. આ કામે વાદી અતુલ જયપ્રકાશ ઉદેશીના એડવોકેટ તરીકે ગોંડલના ખ્યાતનામ ધારાશાસ્ત્રી હરિન એન. પુઆર રોકાયેલા હતા.

નામદાર કોર્ટના આ હુકમથી બાંધકામની મંજૂરી મેળવ્યા વિના બાંધકામ કરી આવી મિલકતો સામાન્ય પ્રજાજનોને વેચી નાખતા બિલ્ડર્સ લોબીમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ગોંડલના ખૂબ જ ચર્ચાસ્પદ ડોક્ટર વેકરીયા સાહેબની હોસ્પિટલના ગેરકાયદેસરના બાંધકામને તોડી પાડવાનો હુકમ પણ વકીલ હરિન પુઆર દ્વારા કોર્ટ કાર્યવાહીથી મેળવવામાં આવેલ હતો.

# વિજયે આપેલા રૂપિયા ૬૦ લાખની ઉઘરાણી બાબતે કોન્ટ્રાક્ટરનું કારમાં અપહરણ કરી ત્રણ શખ્સોએ ધોકાવ્યા

- વેરાવળના વ્યાજખોર સહિત ત્રણ શખ્સો સામે ગાંધીગ્રામ બે યુની. પોલીસમાં ફરિયાદ નોંધાતા ધરપકડ કરવા તજવીજ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર ગંગોત્રી પાર્કમાં રહેતો અને મૂડ વેરાવળ નો વતની કોન્ટ્રાક્ટરને આપેલા રૂપિયા ૬૦ લાખ ની ઉઘરાણી મુદ્દે વ્યાજખોર સહિત ત્રણ શખ્સોએ કારમાં અપહરણ કરી માર માર્યાની ઘટના સામે આવતા યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પોલીસે વ્યાજખોર સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે. આ અંગેની માહિતી મુજબ મૂળ વેરાવળના નરોતમ નગર ચોકસી પેલેસ પાસે રહેતો અને હાલ રાજકોટમાં ગંગોત્રી પાર્ક મેન રોડ પર ચંદ્રિકાબેન ના ભાડાના મકાનમાં રહેતો હેમલભાઈ મનહરલાલ ચોકસી નામના સોની વેપારીએ યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે અગાઉ તેને ૨૦૧૯ ની સાલમાં બાંધકામના કોન્ટ્રાક્ટ માટે રૂપિયાની જરૂરિયાત હોય જેથી વેરાવળમાં રહેતા નિલેશ ચલા પાસેથી રૂપિયા ૬૦ લાખ કટકે કટકે વ્યાજ એ લીધા હતા જે વ્યાજના નાણાંની ઉઘરાણી પર્સને ગઈકાલે નિલેશ ચલા રાજુ મોચી અને રાજકોટનો અમિત રાઠોડ નમના ત્રણ શખ્સો કારમાં આવી ક્રિસ્ટલ મોલ ની પાછળ આવેલ પાર્કિંગમાં લઈ જઈ કારમાં બેસાડી અપરણ કર્યા બાદ ત્રણેય શખ્સોએ બેફામ ગાળો બોલી હું તને જોઈ લઈશ તેમ કહી ધમકી આપી છાતીમાં મુકામારી કારમાં અપહરણ કરીને લઈ ગયા હોય બાદમાં રસ્તામાં ઉતારી લીધા અને પોલીસમાં ફરિયાદ કરી છે બનાવના પગલે યુનિવર્સિટી પોલીસ મતલબના એએસઆઈ જયદેવભાઈ વેરાવળના વ્યાજખોર સહિત ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા કવાયત શરૂ કરી છે.

# જામકંડોરણામાં ચાર દિવસ પૂર્વે ૧ લાખની ચોરી કરનાર રાજકોટનો શખ્સ ઝબ્બે

**મુખ્ય સમાચાર,જામકંડોરણા**

જામકંડોરણા મામલતદાર કચેરીમાં ચાર દિવસ પુર્વે સ્કુટરની ડેકી તોડી રૂ.૧ લાખની રોકડ ચોરી કરનાર રાજકોટના શખસને પોલીસે દબોચી રોકડ, ૮૦ હજાર, બે ફોન, બાઈક તથા વિવિધ બેંકના ૨૦ એટીએમ કાર્ડ મળી કુલ ૧.૦૧ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવાની સુચના અન્વયે જામકંડોરણા પીઆઈ એલ.જી.નકુમ સહિત સ્ટાફે સીસીટીવી ફુટેજ આધારે તપાસ હાથ ધરતા એક લાખની રોકડની ચોરી કરનાર દિપકસિંહ સંતોષસિંહ સેંગરને ઝડપી લઈ પુછતાછ કરતાં તેણે જામકંડોરણા મામલતદાર કચેરીમાંથી ચાર દિવસ પુર્વે સ્કૂટરની ડેકી તોડી



પૈસા ચોર્યા તેમજ રાજકોટમાંથી એક માસ પુર્વે માલવિયાનગર પોલીસ વિસ્તારમાં એટીએમમાં પૈસા ઉપાડવા આવેલ વૃધ્ધાનું શખસે પીન જનરેટ કરવાના બહાને કાર્ડ બદલી લઈ રૂ.૩૦ હજાર ઉપાડી છેતરપીંડી આચર્યાની પણ કબુલાત આપી હતી. પોલીસે ઝડપાયેલા શખસ પાસેથી રોકડ ૮૦ હજાર, બે ફોન, બાઈક તથા વિવિધ કંપનીના ૨૦ એટીએમ મળી કુલ ૧.૦૧ લાખનો મુદામાલ કબજે કર્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા ગુરુવારે યોજાશે

## કુલપતિ પ્રોફે. ઉત્પલ એસ . જોશી અને રા. લો. સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એલ્યુમનાઈ અને ફીઝીકસ ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રોફે. ઉત્પલ એસ. જોશીનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પદ પર નિયુક્ત થવા બદલ અભિવાદન કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે ઉત્પલ એસ. જોશીના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા ગુરૂવાર, તા. ૨૭/૦૨/૨૦૨૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ગુજરાતી ભવનનાં સેમિનાર હોલમાં મળશે. આ પ્રસંગે શ્રી રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ના અધ્યક્ષ અને વરિષ્ઠ પત્રકાર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા મુખ્ય મેહમાન પદે ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભામાં સભાસદોને આપવામાં આવતી મહત્તમ ૩૦ લાખની લોનની મર્યાદા વધારીને મહત્તમ લોન ૬૦ લાખની કરવા તેમજ ફરજિયાત બચતની રકમમાં વધારો કરવા સહિતના નિર્યણ લેવામાં આવશે.

ગુરૂવાર, તા. ૨૭-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા યોજાશે. સાથોસાથ આ જ યુનિવર્સિટીના એલ્યુમનાઈ અને ફીઝીકસ ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રોફે. ઉત્પલ એસ. જોશીનું સૌરાષ્ટ્ર





યુનિવર્સિટીના કુલપતિશ્રીના પદ પર નિયુક્ત થવા બદલ ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રો. જે. એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો - પ્રો. સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ જિલ્લાની તમામ નગરપાલિકા તથા તાલુકા પંચાયતની બેઠકોમાં કમળ સોળે કળાએ ખીલ્યુંઃ ભાજપની ભવ્ય જીત માટે મતદાતાઓનો આભાર માનતા પ્રવિણાબેન રંગાણી

## નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની વિકાસ અને પ્રચંડ રાષ્ટ્રવાદની વિચારધારા નો વિજય : પ્રવિણાબેન રંગાણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નગરપાલિકાઓ ની ચૂંટણીમાં રાજકોટ ભારતીય જનતા પાર્ટીનો રાજકોટ જિલ્લાની તમામ ૫ નગરપાલિકા જસદણ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, ભાયાવદર નગરપાલિકાઓ તથા તાલુકા પંચાયતની બેઠકો પર ભવ્ય વિજય થયો છે ત્યારે આ ભવ્ય જીતના સહભાગી બનેલા રાજકોટ જિલ્લાના નગરપાલિકા વિસ્તાર તથા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના સર્વે મતદાતાઓ તેમજ કેન્દ્રીય મંત્રી અને સાંસદ મનસુખભાઈ માંડવીયા, સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા. રામભાઈ મોકરિયા, કેશરીદેવ સિંહ ઝાલા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ,ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, મહેન્દ્રભાઈ પાડલિયા, ,જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા,પ્રભારી ધવલભાઈ દવે,મહામંત્રી રવિભાઈ માકડીયા, નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા,સંગઠનના હોદેદારો તમામ શ્રેણીના કાર્યકર્તાઓ,આગેવાનો નો જાહેર આભાર વ્યકત કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવીણાબેન રંગાણી એ જણાવેલ કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને રાજ્ય ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં વિકાસલક્ષી સીમાચિન્હરૂપ નિર્ણયો લેવાયા છે. ભાજપની સરકારે સર્વસમાવેશી અને વિકાસલક્ષી શાસનનું ઉતમ દષ્ટાંત પુરૂ પાડયું છે જેમાં ખેડૂતો, ગરીબો, સીમાંત, યુવાનો, મહિલાઓ અને નવા મધ્યમ વર્ગની આશા અને આકાંક્ષાઓ પરિપૂર્ણ થઈ છે. ત્યારે ભાજપ એક



મજબૂત, સ્વનિર્ભર અને સમૃધ્ધ ભારત બનાવવા માટે કટીબધ્ધ છે.

આ સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીમાંઓ માં ભાજપ ને મળેલ પ્રચંડ બહુમતીથી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત થશે, રાષ્ટ્રવાદની વિચારધારા વધુ વેગવંતી બનશે.ત્યારે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા માટેના સેવાયજ્ઞમાં રાજકોટ જિલ્લા ની તમામ નગરપાલિકાઓ તથા તાલુકા પંચાયતની બેઠકો પર ભગવો લહેરાવી પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા અને વિકાસની રાજનીતિને સમર્થન આપી ભવ્ય લીડથી ભાજપના ઉમેદવારો ને વિજયી બનાવવા સહભાગી બનેલા રાજકોટ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને રાજકોટ જિલ્લાના તમામ મતદાતાઓનો જાહેર આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા અને આ તમામ વિસ્તારો આગામી સમયમાં વિકાસથી વેગવંતા થશે તેવો આશાવાદ રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણી એ વ્યક્ત કરેલ હતો.

# સાવરકુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરે નિઃશુલ્ક સારવાર

## મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૧૦ વર્ષમાં ૨૦ લાખ દર્દીઓની સારવાર થઈઃ ભોજન પણ ફ્રીઃ ૧૦૮ બેડની હોસ્પિટલઃ સર્જરી સુધીની સારવાર ફ્રીઃ કાર્ડિયોલોજી, ન્યુરોલોજી વિભાગો શરૂ થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શ્રી વિધાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલામાં સ્થિત ૧૦૦% નિઃશુલ્ક મલ્ટી. સ્પેશિયાલિટી હોસ્પિટલ છે. આ હોસ્પિટલની સ્થાપના પ્રખ્યાત શિક્ષક અને ગુરુ રતિલાલ બોરિસાગરને શ્રદ્ધાંજલિરૂપે કરવામાં આવી હતી, જેમના પૂર્વ વિધાર્થી, જે આજે ડોક્ટર, વેપારી, શિક્ષક અને સમાજના પ્રખ્યાત વ્યક્તિઓ છે, તેમની પ્રેરણાથી આ કાર્ય શક્ય બન્યું છે.

સ્વાસ્થ્ય સેવાની ગુણવત્તા તો સારી હોવી જરૂરી છે જ સાથે જ મધ્યમ કે ગરીબવર્ગને તે પરવડે તેવું પણ હોવું જોઈએ. આધુનિક ઉપકરણો, પદ્ધતિ તો હવે બધે ઉપલબ્ધ છે, પરંતુ સામાન્ય વર્ગના લોકોને નિઃશુલ્ક બધી સ્વાસ્થ્ય સેવા મળે તો તેમને સારવાર અને નવજીવન મળી શકે, ગુજરાતમાં આરોગ્યસેવા ક્ષેત્રે જે જે સંસ્થાઓ કામ કરી રહી છે તેમાં સાવરકુંડલાનું લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિર અગ્ર છે. આ ૧૦૦ ટકા નિઃશુલ્ક હોસ્પિટલ છે. સૌરાષ્ટ્રના નાના નગરમાં આ બહુ મોટું કામ થઈ રહ્યું છે. લલ્લુભાઈ રોઠ આરોગ્યમંદિર હોસ્પિટલ નથી, પરંતુ એક યજ્ઞશાળા છે. અનેક લોકોની આહૂતિથી અહીં સેવાની ધુમ્રસેર ઊડી રહી છે. નદર્દી દેવો ભવઃથની કહેવત અનુસાર અહીં આવેલા દરેક દર્દીઓને ભગવાનના રૂપે જોવામાં આવે છે. સારવાર, ઓપરેશન તો નિઃશુલ્ક છે જ આ ઉપરાંત દર્દી તેમજ તેમના સગાઓ માટે સારું ભોજન પણ હોસ્પિટલમાંથી આપવામાં આવે છે.

મોરારિબાપુના અનુરાગ, અનુગ્રહ અને પ્રખ્યાત કેળવણીકાર રતિલાલ બોરીસાગરના માર્ગદર્શન હેઠળ સત્ય, પ્રેમ અને કરુણાના મૂળમંત્રને આત્મસાત કરવાનાં હેતુ સાથે ગુજરાતના સાવરકુંડલા ખાતે આવેલી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ૧૦૦% નિઃશુલ્ક હોસ્પિટલની સ્થાપના તારીખ ૦૭ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કરવામાં આવી હતી. શ્રી વિધાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ હોસ્પિટલમાં દર્દી પાસેથી એકપણ રૂપિયો લીધા વિના સમાજના આર્થિક રૂપે નબળા અને જરૂરિયાતમંદ લોકોને છેલ્લા એક દાયકાયી નિઃસ્વાર્થ ભાવે સસ્મિત તબીબી સેવા પૂરી પાડવામાં આવી રહી છે. આ હોસ્પિટલનો મુખ્ય ઉદ્દેશ આર્થિક રીતે પછાત લોકો, ખાસ કરીને નાના ગામોમાં રહેતા લોકો, જેમને ઊંચા ખર્ચને કારણે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ નથી, તેમને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓ પ્રદાન કરવાનો છે.

લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિરના ટ્રસ્ટી હરેશભાઈ મહેતા જણાવે છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં આજ દિન સુધી અંદાજે ૨૦ લાખથી વધુ દર્દીઓને હોસ્પિટલ થકી નિઃશુલ્ક તબીબી સારવારનો લાભ મળ્યો છે. દરરોજ લગભગ ૧૫૦૦ દર્દીઓ હોસ્પિટલ દ્વારા પૂરી પાડવામાં આવતી નિઃશુલ્ક સેવાનો લાભ લે છે. જેમાંથી મોટાભાગના લોકો આર્થિક રૂપે નબળા અને ગરીબ વર્ગમાંથી આવે છે.

હોસ્પીટલમાં ડો. રત્નાકર વાણીયા, ડો. પ્રકાશ પટેલ, ડો. હેત્વી કાલઠીયા, ડો. વંદિતા સલાટ, ડો. હેમલ ચોટલીયા, ડો, નિકુંજ ગોંડલિયા, ડો. રાજેશ મહેતા, ડો. ધાર્મી રાઠોડ, ડો. મૌસમ બનજારા, ડો. દેવ્યાની વાળા, ડો. પરિંદા ગોહિલ, ડો. પૂજા સોલંકી, ડો. વિવેક ગેન્ગાડીયા, ડો. મમતા દત્તાણી, ડો. રચિત અજાગિયા, ડો. કોમલ કટારીયા, ડો. અરુણ મિસ્ત્રી, ડો. વિનુભાઈ પટેલ, ડો. નરેન ભાલિયા, ડો. નિકીતા વાનિયા, ડો. રોહિત સોન્ડીગાળા, ડો. ઉમેશ હાડીયા, ડો. ભારતી પટેલ, ડો. ચિરાગ પીપરોત્તર, ડો. સંગીત સલખાના, ડો દક્ષા આહિલ,

દર્શના સિયલ, ડો સુમેર સાવત. ડો. સોનિયા ચેતવાણી,ડો નિધિ સૌન્દ્રવ, ડો ભાવિકા બભાણીયા, ડો. રીન્કલ વાળા પોતાની સેવા આપી રહ્યા છે. પોતાના સમય પૂર્ણ થયા ઉપરાંત પણ તેઓ દર્દીઓની સેવા કરવા માટે ઉપસ્થિત રહે છે.

હોસ્પિટલના મુખ્ય લક્ષ્યોમાં દર્દી કેન્દ્રિત સારવાર દ્વારા સારા પરિણામો લાવી દર્દીનાં જીવનની ગુણવત્તામાં સુધારો લાવવો, સ્ટાફ અને દર્દીઓમાં વૈવિધ્યતાનો સસ્કાર વિકસાવવો અને હોસ્પિટલની સેવાઓ તમામ પ્રકારના સમુદાયો સુધી વિસ્તૃત કરવી વગેરેનો સમાવેશ થાય છે.

હોસ્પિટલની સ્થાપના પછીના દાયકામાં ૨૦ લાખથી વધુ દર્દીઓએ અહીથી નિઃશુલ્ક સારવાર મેળવી છે. કેસ લખવાથી લઈને ડોક્ટરી તપાસ ઓપરેશન, દવાઓ અને ઈન્ડોર દર્દીઓ અને તેમના સગા સંબંધીઓને નિ.શુલ્ક ભોજન જેવી સેવાઓ અહીં ઉપલબ્ધ છે. હોસ્પિટલની કામગીરી માટે દર મહિને આશરે ૭૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, જે મુંબઈ અને વિદેશમાં સ્થાયી થયેલા સાવરકુંડલા પ્રેમીઓના દાનથી સંભવ બને છે. આ હોસ્પિટલમાં ૨૫ જેટલા ડોકટરો અને ૭૦ જેટલા સ્ટાકના સભ્યો અવિરત સેવા આપી રહ્યા છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શ્રી લલ્લુભાઈ રોઠ આરોગ્ય મંદિર, સાવરકુડલા વિષે પૂ. મોરારિબાપુએ શ્રીમદ ભગવદ્ ગીતાનો સંદર્ભ આપીને જણાવ્યું કે યજ્ઞ, દાન, તપ કોઈ પણ પરિસ્થિતિમાં વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ માટે થઈ રયુ હોય તેને છોડવું ન જોઈએ. આ આરોગ્ય મંદિરમાં તપસ્યા થઈ રહી છે. આ તપસ્યાનો અર્થ છે કે આટલા નિષ્ણાત ડોકટર, જે દરેક રોગનું નિદાન લાવવામાં સક્ષમ છે એવા ડોક્ટર એક નાના ગામમાં આવીને પોતાની સેવા આપી રહ્યા છે. એ તપ છે. અહીં અમુલ્ય સેવા થઈ રહી છે. સાવરકુંડલામાં સ્થિત શ્રી લલ્લુભાઈ રોઠ આરોગ્ય મંદિરની આરોગ્ય સેવાઓને આર્થિક મદદ માટે વિવિધ પ્રકારની દાન યોજના રજૂ કરવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

